ખાવું, પીવું, રમવું, મોજમજા કરવી અને થાકીને સૂઇ જવું, એ બચપણનો આનંદ કેમ ભૂલાય?
- સુભદ્રાકુમારી ચૌહાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૨૧ | ૧ ફેબ્રુઆરી, ૨૦૧૩, શુક્રવાર; પોષ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કોલવડામાં પ્રથમ આયુર્વેદ હોસ્પિટલ બનશે

## જુન ૨૦૧૪થી આયુર્વેદ કોલેજ પણ શરુ કરાશે : તબક્કાવાર મેડીકલ કોલેજ-હોસ્પિટલ કાર્યરત કરવામાં આવશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક આવેલ કોલવડા ખાતે મોડેલ આયુર્વેદ કોલેજનો પ્રોજેકટ માટે આંતર માળખાકીય સુવિધાઓ સંપન્ન થતાં જ કાર્યાન્વીત કરી દેવામાં આવશે.

આયુર્વેદ પ્રભાગ અને આરોગ્ય વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મોડેલ આયુર્વેદ કોલેજ ૨૦૧૪માં શરૂ કરાશે પણ તે પૂર્વે ચાલુ વર્ષના એપ્રિલમાં અહિં આયુર્વેદ હોસ્પિટલની સેવાઓ તબક્કાવાર શરુ કરી દેવામાં આવશે.

રૂ. ૧૫ કરોડના ખર્ચે આકાર પામી રહેલ આ મોડેલ આયુર્વેદ કોલેજના મકાનની કામગીરી પણ ચાલુ વર્ષની મધ્યમાં પૂર્ણ થઈ જશે અને ત્યારબાદ ક્રમશઃ અહીં રિસર્ચ સેન્ટર તેમજ આનુષંગિક બાબતોની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગઈકાલે રાજયના આરોગ્ય વિભાગના અગ્રસચિવ શ્રી રાજેશ કિશોરની અધ્યક્ષતામાં આ પ્રોજેકટ અમલીકરણ અંગેની એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક મળી હતી જેમાં પ્રોજેકટની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કોલેજ કાર્યાન્વીત કરતાં પૂર્વે અહીં આયુર્વેદ હોસ્પિટલ શરુ કરવામાં આવશે. જેમાં ૧૪ જેટલા જુદા જુદા વિભાગો હશે. રાજય સરકાર દ્વારા ગાંધીનગરને નોલેજ કોરીડોર હબ તરીકે વિકસાવવાના ભાગ રૂપે આ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો હતો.

ગાંધીનગરથી પાંચ કિ.મી. દૂર આવેલ કોલવડા-સોનીપુર માર્ગ પર આ કોલેજ તેમજ હોસ્પિટલ માટેના બિલ્ડીંગનું કામ પૂર્ણ થવા આવ્યું છે. આ કામ પૂર્ણ થવામાં હજુ પાંચથી છ માસ જેટલો સમય લાગશે આ પછી બિલ્ડીંગમાં જરુરી સુવિધાઓ જેવી કે ભણાવવા માટે કલાસરૂમ, લાયબ્રેરી અને અન્ય આનુષંગિક પ્રભાગો તૈયાર થઈ જશે.

રાજય સરકાર આગામી શૈક્ષણિક સત્રથી મેડીકલ કોલેજ શરૂ થાય તેવું ઈચ્છી રહી છે પણ સાથે સાથે અહિં વૈદ્યકર્મની સુવિધાઓ અર્થાત હોસ્પિટલની સેવાઓ પણ ઝડપથી ઉપલબ્ધ બને તેમ વિચારી રહેલ છે.

મળતી વિગતો મુજબ હોસ્પિટલ સેવા માટે જરુરી કનેકટીવીટી સહિતની સુવિધાઓ પણ ઝડપથી ઉપલબ્ધ બને તે અંગેની વિચારણા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી.

અત્યંત આધુનિક સુવિધાઓ સાથે આ સંકુલમાં એક આયુર્વેદ ઉદ્યાન બનાવવાનું પણ આયોજન છે અને તે અંગેની કામગીરી ઝડપથી શરૂ કરાશે તેમ જાણવા મળેલ છે.

આ આયુર્વેદ કોલેજ સંકુલમાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ, તબીબો અને અધ્યાપકો માટે આવાસ સહિતના મકાનો હોસ્પિટલ માટે અલગ ઓ.પી.ડી. સેન્ટર ઈન્ડોર દર્દી માટેની વ્યવસ્થા અને વિવિધ વોર્ડ પણ ઉભા કરવામાં આવી રહ્યા છે.

## દંતાલી ગામે સ્વાઇન ફ્લુથી દર્દીનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના દંતાલી ગામેથી સ્વાઈન ફ્લુ પોઝીટીવનો દર્દી મળી આવતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે. જો કે આ દર્દીનું ગઈકાલે મોડી રાત્રે દુઃખદ અવસાન થયું છે.

૪૪ વર્ષીય મહિલા દર્દીને સારવાર માટે પ્રથમ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ કોઈ સુધારો ના જણાતાં તેણીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જ્યાં પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી. જ્યાં તેણીનું ગઈરાત્રે દુઃખદ અવસાન થયું છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુથી વધુ એક દર્દીનું મોત થતાં જિલ્લામાં આ રોગથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા બે થઈ છે. આ પહેલાં માણસા તાલુકામાં સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ મળી આવ્યો હતો.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આજે દંતાલી ખાતે સર્વેલન્સની કામગીરી

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર - સરખેજ હાઈવે પર ગોતા ચારરસ્તા પર ઓવરબ્રિજ તૈયાર થતાં ટ્રાફીકમાં હળવાશ અનુભવાય છે. હાઈવે ઓથોરિટી ઓવરબ્રિજનું ઉદઘાટન કરે તે પહેલાં જ ઓવરબ્રિજ ટ્રાફિકથી ધમધમતો થઈ ગયો છે.

## જિલ્લાની શ્રેષ્ઠ ગ્રામસભા માટેની પસંદગીમાં ટાઈ પડવા પામી !

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ ગ્રામસભા પસંદગી માટે બે ગ્રામસભાઓના ગુણ સરખા થતાં ટાઈ પડવા પામી છે.

ભારત સરકારે ગ્રામસભા-૨૦૧૨ માટે તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ ગ્રામસભાઓનું મૂલ્યાંકન કરી રાજ્ય સરકાર મારફતે શ્રેષ્ઠ ગ્રામસભા એવોર્ડ માટેની દરખાસ્ત માંગી છે.

ગઈકાલે ગાંધીનગર જિલ્લાની ચારેય તાલુકાઓની શ્રેષ્ઠ ગ્રામસભા માટેની પસંદગી માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભટ્ટના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં કલોલ તાલુકાની રામનગર તેમજ માણસા તાલુકાની અમરાપુર ખરણાની ગ્રામસભાઓના ગુણાંક સરખા થતાં ટાઈ પડવા પામી હતી.

આ સર્જાયેલી ટાઈ પછી ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ચાઈલ્ડ સેક્સ રેસિયો તેમજ અન્ય સરકારી યોજનાના અમલીકરણ અંગેના અભિપ્રાયોને ધ્યાને લઈ નિર્ણય કરવાનો થાય છે. આ બન્ને ગામોમાં હાલ ચાઈલ્ડ સેક્સ રેસિયા અંગે જિલ્લા આરોગ્ય અધિકારીનો અભિપ્રાય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં રિસર્વેની કામગીરીમાં વિલંબના સંકેતો

## જિલ્લામાં ૮ ગામોની માપણી હજુ પણ બાકી છે : ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં માપણીની કામગીરી સંપન્ન કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના રિસર્વેની કામગીરીમાં હજુ ૮ ગામોની માપણીની કામગીરી બાકી હોવાથી આ કામગીરી પૂર્ણ કરવામાં ચાર મહિના જેટલો વિલંબ થશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં રિસર્વેની કામગીરી છેલ્લા એક વર્ષથી ચાલી રહી છે. આ માટેની કામગીરી અંગે બે વાર એજન્સીની મુદત વધારવા છતાં હજુ ૮ જેટલા ગામોની માપણીની કામગીરી બાકી હોવાથી ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં તે પૂર્ણ કરવા માટે તંત્ર દ્વારા કડક તાકીદ એજન્સીને કરી દેવામાં આવી છે.

રિસર્વેની કામગીરીનો પ્રોજેક્ટ ભારત સરકારની સહાયથી હાથ ધરવામાં આવ્યુ છે. જિલ્લામાં રિસર્વેમાં માપણીની કામગીરી સંપન્ન થયા બાદ રેકર્ડનું આધુનિકરણ કરી અને અદ્યતન બનાવવામાં આવશે. રિસર્વે બાદ સર્વે નંબરો પણ બદલાશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જે ગોમોની માપણીની કામગીરી સંપન્ન થઈ ગઈ છે તે પૈકી ૧૪ ગામોના રેકર્ડને આખરી કરી દેવામાં આવ્યું છે જ્યારે બીજા ૧૫ જેટલા ગામોના રેકર્ડ મેળવણાની કામગીરી પૂરી થતાં આખરી કરવા માટેની કાર્યવાહી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે.

તંત્ર દ્વારા આ કામગીરી ઝડપી બને તે માટે કડક તાકીદ જિલ્લા કલેક્ટરશ્રીએ તાજેતરમાં મહેસુલી અધિકારીઓની બેઠકમાં પણ કરી હતી.

ગાંધીનગર જિલ્લાની રિસર્વેની કામગીરી હવે જુન-૨૦૧૩માં સંપન્ન થશે તેમ મનાઈ રહ્યું છે. કારણ કે વાંધા સૂચનો ગ્રામ્ય કક્ષાએ મેળવ્યા બાદ તેનો નિકાલ ગ્રામીણ સ્તરે કરાશે આ પછી મામલતદાર દ્વારા તેની ચકાસણી કરાશે અને તેમના અહેવાલને આધારે પ્રાંત અધિકારી દ્વારા પુનઃ એકવાર રજુઆતો સાંભળી અહેવાલ આખરી તૈયાર કરવામાં આવશે.

જિલ્લામાં રિસર્વેની કામગીરીમાં ગતિ લાવવા ઉપરાંત સીટીસર્વેની કચેરીમાં પડેલી નોંધોના નિકાલની કામગીરીને પણ અભિયાન સ્વરૂપે હાથ ધરવા માટે જિલ્લા કલેક્ટરશ્રીએ તાકીદ કરી હતી.

## માર્ગ અકસ્માતમાં મૃતકોના પરિવારને મદદની જાહેરાત

### મૃતકોના પરિવારને એક લાખ-બાળ મૃતકોના પરિવારને ૫૦૦૦૦ની સહાયની મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની જાહેરાત

અમદાવાદ, તા.૩૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના સમી જિલવાણા રોડ પર ગઈકાલે રાત્રે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં માર્યા ગયેલા લોકો અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી સાથે સાથે શોકસંતપ્તપરિવારો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ માર્ગ દુર્ઘટનામાં માર્યા ગયેલામાં કમનસીબ મૃતકોના પરિવારના દુઃખમાં સહભાગી બની પ્રત્યેક પુખ્તવયના મૃતકના પરિવારને એક લાખ રૂપિયા અને જાન ગુમાવનાર પ્રત્યેક બાળ મૃતકોના પરિવારને ૫૦૦૦૦ની સહાય માનવતાના ધોરણે આપવાની જાહેરાત કરી હતી. મોદીએ ગૃહ રાજ્યપ્રધાન રજનીકાંત પટેલને માર્ગઅકસ્માતમાં મૃત્યુ પામનાર લોકોના પરિવાર જનોને રૂબરૂ મળીને સાત્વના પાઠવા પણ મોકલ્યા હતા. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને સૌથી સારી સુવિધા મળે તે માટે રજુઆત કરવામાં આવી હતી. ગઈકાલે મોડી રાત્રે અકસ્માતની જાણ થતા મુખ્યમંત્રીએ તંત્રને તાત્કાલીક સ્થળ પર પહોંચી જઈને માર્ગ દુર્ઘટમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓના પાર્થિવ દેહોને તેમના પરિવારજનો સુધી પહોંચાડવા સહાયરૂપ થવા આદેશ કર્યો હતો.




## તાલુકા પંચાયતમાં વધુ છ ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે આજે વધુ છ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો ભર્યા છે. આ સાથે તાલુકા પંચાયતની આ ચૂંટણીમાં અત્યાર સુધીમાં ૧૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

આ ચૂંટણી માટે અત્યાર સુધી જે ઉમેદવારી પત્રો ભરાયા છે તેમાં મોટા ભાગના કોંગ્રેસના ઉમેદવારો દ્વારા ઉમેદવારીપત્રો રજુ થયા છે.

અત્યાર સુધી નોંધાયેલા ૧૦ ઉમેદવારોમાં બે મહિલા ઉમેદવારો છે જયારે એક અપક્ષ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે. ભાજપ તરફથી હજુ કોઈ સત્તાવાર ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી. બંને પક્ષ દ્વારા ઉમેદવારોની યાદી હજુ આખરી થઈ શકી નથી અને હવે ઉમેદવારી પત્રો ભરવા માટે માત્ર બે દિવસ બાકી છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આજે ઉમેદવારોની યાદી આખરી કરી સત્તાવાર યાદી જાહેર કરી દેવાશે તેમ મનાઈ રહ્યું છે. જયારે ભાજપમાં હજુ પણ ખેંચતાણ ચાલુ છે અને ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે જ તેના ઉમેદવારોની યાદી જાહેર થશે તેમ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

આજે જે છ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તેમાં રાંધેજા-૨ની બેઠક પર અપક્ષ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે તો પ્રાંતિયાની બેઠક માટે મહિલા ઉમેદવારો ઉમેદવારી નોંધાવી છે.

ઉવારસદની બેઠક માટે ઠાકોર લાલાજી એફ. ટીંટોડાની બેઠક માટે ઠાકોર બળદેવજી સેંધાજી, કુડાસણની બેઠક માટે બેચરભાઈ પટેલ રાંધેજા-૨ની બેઠક માટે વેરાભાઈ જી. પટેલ, દોલારાણા વાસણાની બેઠક માટે અમરતભાઈ ચૌધરી અને પ્રાંતિયાની બેઠક માટે ડાહીબેન જી. પરમારે ઉમેદવારી નોંધાવી છે.

તાલુકા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ ૨જી ફેબ્રુઆરી છે. તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટે ૧૭મી ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાવાનું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




